# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ, ભારત ઝડપથી વિકસતા, વિશ્વસનીય વૈશ્વિક શક્તિ બનવા પાછળ રાષ્ટ્ર પ્રથમનો સિદ્ધાંત પ્રેરક બળ રહ્યો.**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બીજા નાગરિક સન્માન સમારોહમાં 65 પદ્મ પુરસ્કારો એનાયત કરશે.**
3. **અમેરિકાએ ભારતના M777A2 અલ્ટ્રા-લાઇટ હોવિત્ઝર માટે 230 મિલિયન યુએસ ડોલરના પેકેજની જાહેરાત કરી.**
4. **મણિપુરમાં તપાસ અભિયાન દરમિયાન સુરક્ષા દળોએ મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો.**
5. **FIFA ફૂટબોલ વર્લ્ડ કપમાં, અલ્જેરિયાએ જોર્ડનને અને નોર્વેએ સેનેગલને હરાવ્યું.**

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# NEW PM -REPUBLIC SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત ઝડપથી વિકસતા, વિશ્વસનીય વૈશ્વિક શક્તિ બનવા પાછળ રાષ્ટ્ર પ્રથમનો સિદ્ધાંત પ્રેરક બળ રહ્યો છે.

નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા હાઉસ દ્વારા આયોજિત સમિટને સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે G7 સમિટમાં વિશ્વના નેતાઓ ભારતના રાષ્ટ્રીય હિતોને પ્રથમ રાખવાની દેશની પ્રતિબદ્ધતાને સ્વીકારે છે.

BYTE- PM--NATION-FIRST

પ્રધાનમંત્રીએ કહ્યું કે તાજેતરના વર્ષોમાં લગભગ 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, જેના કારણે એક મોટો નવો -મધ્યમ વર્ગ ઉભરી આવ્યો છે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળ્યો છે. તેમણે ભાર મૂક્યો કે ગરીબ અને મધ્યમ વર્ગને સશક્ત બનાવવું એ સરકારની મુખ્ય પ્રાથમિકતા રહી છે, જેમાં પોષણક્ષમ આવાસની પહેલ, કર સુધારા, આરોગ્યસંભાળ યોજનાઓ અને સુધારેલી શહેરી માળખાગત સુવિધાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

BYTE - PM--CONNECTIVITY

શ્રી મોદીએ કહ્યું કે વૈશ્વિક પડકારો છતાં ભારત અભૂતપૂર્વ તકના સમયગાળામાં પ્રવેશી રહ્યું છે. તેમણે દેશના યુવાનો, ઉદ્યોગસાહસિકો, નવીનતાઓ અને સ્ટાર્ટઅપ્સને ઉભરતી તકોનો લાભ લેવા અને રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપવા હાકલ કરી.

# PADMA AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં બીજા નાગરિક સન્માન સમારોહ દરમિયાન 65 પદ્મ પુરસ્કારો એનાયત કરશે. જેમાં બે પદ્મ વિભૂષણ, સાત પદ્મ ભૂષણ અને 56 પદ્મશ્રીનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ....

V/C - SAMAYA-SARAN

# NSA BRICS (EARLY)

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે આજે નવા સુરક્ષા જોખમો અને પડકારોથી વાકેફ રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં 16મી BRICS રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠકમાં બોલતા, શ્રી ડોભાલે કહ્યું કે બિન-પરંપરાગત જોખમો રાષ્ટ્રીય સરહદો પાર કરી ગયા છે.

તેમણે નવીન વિક્ષેપકારક તકનીકો, આતંકવાદના વધુ છુપાયેલા પ્રકારો, સાયબર જોખમો વધુને વધુ ડિજિટાઇઝ્ડ થઈ રહ્યા હોવા પર  ભાર મૂક્યો ભાર મૂક્યો હતો. 16મી BRICS રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક દરમિયાન ચર્ચાઓ બિન-પરંપરાગત સુરક્ષા પડકારો પર કેન્દ્રિત રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

# GOYAL-ARTICLE

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, ભારત-બ્રિટેન વ્યાપક આર્થિક અને વેપાર કરાર ભારતીય ખેડૂતો, માછીમાર, કારીગરો અને નાના વ્યવસાયોને વૈશ્વિક સ્તરે સમૃદ્ધ બનવા અને રોજગાર સર્જનને વેગ આપવામાં મદદરૂપ બનશે .

એક લેખમાં તેમણે કહ્યું કે 15 જુલાઈથી અમલમાં આવનાર આ કરાર બ્રિટેનમાં ભારતીય માલસામાન માટે વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક બજાર પહોંચ પ્રદાન કરશે. 99 ટકા ટેરિફ સમાપ્ત થઈ જશે અને નિકાસમાં વધારો થશે.

શ્રી ગોયલે કહ્યું, ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન ભારતીય વ્યાવસાયિકોને કામચલાઉ સોંપણીઓ દરમિયાન દ્વિ સામાજિક સુરક્ષા યોગદાન આપવાથી મુક્તિ આપશે. જેનાથી 75 હજારથી વધુ ભારતીય વ્યાવસાયિકો અને નવસોથી વધુ કંપનીઓને લાભ થવાની અપેક્ષા છે.

# KURIAN – RESIGN

કેન્દ્રીય લઘુમતી બાબતો, મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયને કેન્દ્રીય મંત્રી પરિષદમાંથી રાજીનામું આપી દીધું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તાત્કાલિક અસરથી શ્રી કુરિયનનું રાજીનામું સ્વીકારી લીધું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# US HOWITZER PACKAGE

અમેરિકાએ ભારતના M777A2 અલ્ટ્રા-લાઇટ હોવિત્ઝર માટે 230 મિલિયન યુએસ ડોલરના પેકેજની જાહેરાત કરી છે. ભારતમાં યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારત અને યુએસ વચ્ચે સંરક્ષણ ભાગીદારી સતત વધી રહી છે અને પ્રસ્તાવિત વેચાણ પૂર્ણ થવાના આરે છે.

# SECURITY FORCES RECOVERS HUGE CACHE

મણિપુરના કાંગપોક્પી જિલ્લામાં તપાસ અભિયાન દરમિયાન સુરક્ષા દળોએ મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર, ગઈકાલે લેઇલોન વૈફેઈ ગામ અને આસપાસના વિસ્તારોમાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મણિપુર પોલીસ, કેન્દ્રીય અનામત પોલીસ દળ , કોબ્રા બટાલિયન અને સેનાના કર્મચારીઓ સામેલ હતા.

ત્રણ દિવસ સુધી ચાલેલા તપાસ અભિયાન દરમિયાન સુરક્ષા દળો અને સશસ્ત્ર આતંકવાદીઓ વચ્ચે અથડામણ પણ થઈ હતી. સુરક્ષા દળો દ્વારા 17 બંદુક અને એકે-47 રાઇફલ્સ સહિત 40 હથિયારો જપ્ત કરાયા હતા.

# VP- PM- SYAMA MUKHERJEE

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને તેમની પુણ્યતિથી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને એક સ્વપ્નદ્રષ્ટા નેતા, પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી અને કટ્ટર દેશભક્ત ગણાવ્યા. તેમણે કહ્યું કે ડૉ. મુખર્જીએ નિર્ભયતાથી દેશની એકતા અને અખંડિતતાને સમર્થન આપ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં, કહ્યું કે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીએ દેશના વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમણે કહ્યું કે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની અતૂટ શ્રદ્ધા, જાહેર જીવનમાં હિંમત અને રાષ્ટ્રીય હિત પ્રત્યેની પ્રતિબદ્ધતા પેઢીઓને પ્રેરણા આપતી રહે છે.

# ED - CHENNAI

શિક્ષક ભરતી પરીક્ષામાં છેડછાડના કથિત કેસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ EDની ચેન્નાઈ, તિરુચિરાપલ્લી, કોઈમ્બતુર અને મદુરાઈમાં અઢાર જગ્યાઓ પર દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. EDએ જણાવ્યું કે આ કાર્યવાહી CBI દ્વારા 2017માં નોંધાયેલી FIR પર આધારિત છે. પોલીસે 2021માં આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

# DRC- EBOLA CASES

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં ઇબોલાના સંક્રમિત કેસોની સંખ્યા એક હજારથી વધુ થઈ ગઈ છે. દેશના આરોગ્ય અધિકારીએ 267 લોકોના મૃત્યુની પુષ્ટિ કરી છે. કુલ 371 દર્દીઓ ક્વોરન્ટાઇન હતા અથવા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, જ્યારે 112 લોકો સ્વસ્થ થયા હતા. રવિવારે કુલ 202 શંકાસ્પદ કેસ નોંધાયા હતા, જેમાં 60 લોકોના મૃત્યુ થયા હતા. એકંદરે મૃત્યુદર 25.5 ટકા હતો.પુષ્ટિ થયેલા કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

# TRUMP-EXECUTIVE ORDERS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્વોન્ટમ ટેકનોલોજીમાં અમેરિકાનું નેતૃત્વ સુનિશ્ચિત કરવાના હેતુથી બે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. વ્હાઇટ હાઉસમાં બોલતા, શ્રી ટ્રમ્પે કહ્યું કે પ્રથમ ઓર્ડર મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક ગણતરીઓ કરવા સક્ષમ ક્વોન્ટમ કમ્પ્યુટર્સ વિકસાવવા માટેનો  રાષ્ટ્રીય પ્રયાસ છે. તેનો હેતુ આગામી પાંચ વર્ષમાં ક્વોન્ટમ-સક્ષમ સેન્સર અને નેટવર્ક્સને આગળ વધારવાનો છે. બીજો ઓર્ડર ફેડરલ એજન્સીઓને 2031 સુધીમાં ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફીમાં પરિવર્તિત કરશે.

આ પગલું સાયબર સુરક્ષાને મજબૂત બનાવશે અને અદ્યતન સુરક્ષા ધોરણોને વ્યાપકપણે અપનાવવાને પ્રોત્સાહન આપશે. આ ઓર્ડર વાણિજ્ય, યુદ્ધ અને ઊર્જા સચિવો તેમજ નાસા એડમિનિસ્ટ્રેટરને પાંચ વર્ષમાં ક્વોન્ટમ-સક્ષમ સેન્સર અને નેટવર્ક્સ તૈનાત કરવા નિર્દેશ આપે છે. વ્હાઇટ હાઉસે કહ્યું કે આ ટેકનોલોજી ઉત્પાદન, દવા શોધ, કૃષિ અને ઊર્જામાં નોંધપાત્ર પ્રગતિ લાવી શકે છે.

# DAY FIFA WORLD CUP 2026

FIFA ફૂટબોલ વર્લ્ડ કપમાં, અલ્જેરિયાએ જોર્ડનને ગ્રુપ J ના મુકાબલામાં 2-1 થી પરાજય આપ્યો. અન્ય એક મેચમાં, નોર્વેએ આજે ગ્રુપ I ના મુકાબલામાં સેનેગલને 3-2 થી હરાવ્યું. ફ્રાન્સે આજે ગ્રુપ I ના મુકાબલામાં ઇરાકને 3-0 થી હરાવીને નોકઆઉટ તબક્કામાં પ્રવેશ મેળવ્યો. દરમિયાન આર્જેન્ટિનાએ ગઈરાત્રે ઓસ્ટ્રિયાને 2-0 થી હરાવીને રાઉન્ડ ઓફ 32 માં સ્થાન મેળવ્યું. આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસીએ બે ગોલ કર્યા હતા. તેઓ વર્લ્ડ કપ ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યા છે.